# ૧૫મી ગુજરાત વિધાનસભા

## ચોથું સત્ર

| | |
|---|---|
| અગ્રતાક્રમ | ૪ |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક | ૧૫/૪/૧૮૫૩ |
| પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ | શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ) |
| પ્રશ્નનું શીર્ષક | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ડિગ્રી ઇજનેરી વિદ્યાર્થીઓને સહાય |
| વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ | ૧૬/૦૨/૨૦૨૪ |
| વિભાગ | શિક્ષણ વિભાગ (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ) |

15/4/1853

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ડિગ્રી ઈજનેરી વિદ્યાર્થીઓને સહાય

શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ(પાટણ) : માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ટેકનિકલ શિક્ષણ હેઠળના ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં રાજ્યના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની ઉચ્ચ શિક્ષણ સહાય આપવામાં આવી, અને | (૧) | વર્ષ ૨૦૨૨-૨૩ માં ૨૪,૩૬૬ વિદ્યાર્થીઓને રૂપિયા ૯૮.૯૨ કરોડ અને વર્ષ ૨૦૨૩-૨૪ માં ૮,૪૭૩ વિદ્યાર્થીઓને રૂપિયા ૩૫.૧૧ કરોડની સહાય આપી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થીનીઓને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ? | (૨) | વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૮,૯૭૫ વિદ્યાર્થીઓને રૂપિયા ૭૬.૨૭ કરોડ અને ૫૩૯૧ વિદ્યાર્થીનીઓને રૂપિયા ૨૨.૬૫ કરોડ ચૂકવેલ છે.<br><br>વર્ષ ૨૦૨૩-૨૪ માં ૬,૬૮૬ વિદ્યાર્થીઓને રૂપિયા ૨૭.૫૫ કરોડ અને ૧૭૮૭ વિદ્યાર્થીનીઓને રૂપિયા ૭.૫૬ કરોડ ચૂકવેલ છે. |

---

(મૌલિકા શાહ)

નાયબ સચિવ

શિક્ષણ વિભાગ

## (1) મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) : (તા.૦૭/૧૦/૨૦૧૫)

હેતુ: તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય આપવી

૧. ધો–૧૦ માં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી ડિપ્લોમામાં પ્રવેશ મેળવેલ હોય અથવા ધો–૧૨ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલથી ડીગ્રીમાં, ડિપ્લોમામાં ૬૫% મેળવી D2Dમાં પ્રવેશ હોય અથવા NEET ના આધારે MBBS માં પ્રવેશ હોય

૨. ૩.૬ લાખ સુધીની વાર્ષિક આવક

## (2) મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના (MKKN) : (તા.૧૯/૦૭/૨૦૧૭)

હેતુ: MBBS માં કન્યાઓનું પ્રમાણ વધારવા

૧. NEET ના આધારે MBBS માં પ્રવેશ હોય

૨. ૩.૬ લાખ સુધીની વાર્ષિક આવક

મેડીકલ કોલેજોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને ૫૦% ટ્યુશન ફી સહાય રૂ.૨ લાખની મર્યાદા ઉપરાંત બાકીની ૫૦% ટ્યુશન ફી પેટે રૂ.૪ લાખ સુધીની સહાય મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના હેઠળ એમ MBBS કન્યાઓને કુલ રૂ. ૬ લાખ સુધીની સહાય

## (૩) માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના (CMSS) : (તા.૦૧/૦૨/૨૦૧૮)

હેતુ: અતિ જરૂરીયાતમંદ ૭ કેટેગરીના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય આપવી

૧. આ યોજના હેઠળ અતિ જરૂરિયાતમંદ ૭ કેટેગરીના વિદ્યાર્થીઓ જેવા કે

(૧) ૫૦%થી ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા તાલુકાઓની કન્યાઓ

(૨) યુધ્ધ,આતંકવાદ,નકસલવાદ જેવી ઘટનાઓમાં ફરજો દરમ્યાન માર્યા ગયા હોય કે કાયમી રીતે વિકલાંગ થયા હોય તેવા જવાનોના સંતાનો

(૩) શ્રમિક વાલીના બાળકો

(૪) ૪૦% કે તેથી થી વધુ વિકલાંગતા ધરાવતા વાલીના બાળકો અથવા વિદ્યાર્થી પોતે

(૫)વિધવા મહિલાના બાળકો

(૬)અનાથ બાળકો

(૭)ડીવોર્સી/ત્યકતા મહિલાના બાળકો

૨. રૂ. ૪.૫૦ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવનાર

MYSY માંથી ૫૦% અને CMSSમાંથી ૫૦% એમ ૧૦૦% સહાય

## (૪) એજ્યુકેશન લોન પર વ્યાજ સબસીડી યોજના : (ISEL): (તા.૦૪/૦૭/૨૦૧૭)

હેતુ: તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય આપવી

૧. ધો– ૧૨ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ

૨. ૩.૬ લાખ સુધીની વાર્ષિક આવક

શિડયુલ બેંકમાંથી લીધેલ **રૂ.૧૦ લાખ સુધીની એજ્યુકેશન લોન ઉપર ૧૦૦% વ્યાજ સહાય** મોરેટોરીયમ પીરીયડ (અભ્યાસક્રમનો સમયગાળો વત્તા ૧ વર્ષ) સુધી આપવી

| વિગત | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) | | | મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના (MKKN) | માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના (CMSS) | એજ્યુકેશન લોન પર વ્યાજ સબસીડી યોજના (ISSEL) |
|---|---|---|---|---|---|---|
| **ધારાધોરણ** | (૧) ધો-૧૦ અને ધો-૧૨માં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઇલ<br>• ડી-ટુ-ડી માટે ડીપ્લોમાં અભ્યાસક્રમમાં ૬૫ કે તેથી વધુ ટકા<br>• MBBSમાં NEETના આધારે એડમિશન<br>(૨) રૂ. ૬ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક | | | (૧) NEET આધારે MBBSમાં પ્રવેશ મેળવનાર કન્યાઓ<br>(૨) રૂ. ૬ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક | **(૧) ડીગ્રી/ડીપ્લોમાં અભ્યાસ કરતા અતિ જરૂરીયાતમંદ ૭ કેટેગરીવાળા વિદ્યાર્થીઓ**<br>1. ૫૦%થી ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા તાલુકાઓની કન્યાઓ,<br>2. યુધ્ધ,આતંકવાદ,નકસલવાદ જેવી ઘટનાઓમાં ફરજો દરમ્યાન માર્યા ગયા હોય અથવા કાયમી રીતે વિકલાંગ થયા હોય તેવા જવાનોના સંતાનો<br>3. શ્રમિક વાલીના બાળકો<br>4. ૪૦% કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા વાલીના બાળકો અથવા વિદ્યાર્થી કે જે પોતે ૪૦% કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા હોય<br>5. વિધવા મહિલાના બાળકો<br>6. અનાથ બાળકો જેના માતા-પિતા બન્ને મરણ પામેલ હોય;<br>7. ડીવોર્સી/ત્યકતા મહિલાના બાળકો.<br>**(૨) રૂ. ૪.૫ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક** | (૧) ધોરણ ૧૨નીમાં ૬૦ કે તેથી વધુ પર્સેન્ટાઇલ<br>(૨) રૂ. ૬ લાખથી ઓછી કૌટુંબિક વાર્ષિક આવક |
| **સહાયનો પ્રકાર** | **ટ્યુશન ફી સહાય** | **રહેવા-જમવાની સહાય** | **સાધન-પુસ્તક સહાય (પ્રથમ વર્ષે)** | **ટ્યુશન ફી સહાય** | **ટ્યુશન ફી સહાય** | **વ્યાજ સબસીડી** |
| **મેડીકલ અને ડેન્ટલ અભ્યાસક્રમ** | ટ્યુશન ફીના૫૦% અથવા રૂ. ૨ લાખ – બે પૈકી ઓછું હોય તે | રૂ.૧૨૦૦૦/- | રૂ.૧૦,૦૦૦/- | MYSY હેઠળ ૫૦% ટ્યુશન ફી સહાય રૂ.૨.૦૦ લાખની મર્યાદામાં તેમજ આ યોજના અંતર્ગત બાકીની ટ્યુશન ફી રૂ.૪ લાખ સુધીની મર્યાદામા (માત્ર મેડીકલ અભ્યાસક્રમ માટે) | ટ્યુશન ફીના ૫૦% અથવા રૂ. ૫ લાખ – બે પૈકી ઓછું હોય તે | રૂ.૧૦ લાખ સુધીની એજ્યુકેશન લોન પર મોરિટેરીયમ પિરિયડ (કોર્ષ સમયગાળો + ૧ વર્ષ) સુધી ૧૦૦% વ્યાજ માફી |
| **એન્જિનિયરીંગ/ટેકનોલોજી, ફાર્મસી, આયુર્વેદ, નર્સિંગ, પેરા-મેડીકલ** | ટ્યુશન ફીના૫૦% અથવા રૂ. ૫૦ હજાર – બે પૈકી ઓછું હોય તે | રૂ.૧૨,૦૦૦/- | રૂ.૫,૦૦૦/- | - | ટ્યુશન ફીના ૫૦% અથવા રૂ. ૫ લાખ – બે પૈકી ઓછું હોય તે | |
| **ડીપ્લોમાં** | ટ્યુશન ફીના૫૦% અથવા રૂ. ૨૫ હજાર – બે પૈકી ઓછું હોય તે | રૂ.૧૨,૦૦૦/- | રૂ.૩,૦૦૦/- | - | ટ્યુશન ફીના ૫૦% અથવા રૂ. ૫ લાખ – બે પૈકી ઓછું હોય તે | |
| **B.Sc., B.Com, BCA, BBA, B.A.** | ટ્યુશન ફીના૫૦% અથવા રૂ. ૧૦ હજાર – બે પૈકી ઓછું હોય તે | રૂ.૧૨,૦૦૦/- | - | - | ટ્યુશન ફીના ૫૦% અથવા રૂ. ૫ લાખ – બે પૈકી ઓછું હોય તે | |

**અ[redacted]ા ક્રમ – [redacted]**

| | |
|---|---|
| **તારાંકિત પ્રશ્ન ક્રમાંક** | **૧૮૫૩** |
| **પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રી** | શ્રી કીરીટકુમાર ચિમનભાઈ પટેલ (પાટણ) |
| **પૂરક પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામઃ** | શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) |

**પ્રશ્ન–૧ :** **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના કયારથી અમલમાં આવી? અને તેમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ માટે શું ધારાધોરણ રાખવામાં આવેલા છે ?**

**જવાબ :**

- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના તા.૦૭/૧૦/૨૦૧૫ના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૪/યુઓઆર–૬/સ થી અમલમાં આવી.
- વખતો વખતના સુધારા અન્વયે આ યોજના અંતર્ગત ગુજરાતમાંથી માન્ય બોર્ડની ધોરણ– ૧૨ ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી સ્નાતક અભ્યાસક્રમમાં તથા ઇન્ટીગ્રેટેડ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર **અથવા**
- ધોરણ ૧૦ ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર **અથવા**
- ડીપ્લોમા ની પરીક્ષામાં ૬૫ કે તેથી વધુ ટકા મેળવી ડીગ્રી કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર **અથવા**
- એમ.બી.બી.એસ.ના અભ્યાસક્રમ માટે NEET દ્વારા મેળવેલ એડમિશનને લાભ મળવાપાત્ર
- રૂ.૬,૦૦,૦૦૦ સુધીની વાર્ષિક આવક ધરાવતા વાલીના સંતાનોને ઉચ્ચ શિક્ષણ સહાય મળવાપાત્ર છે.

**અગ્રતા ક્રમ – ૪**

| તારાંકિત પ્રશ્ન ક્રમાંક | ૧૮૫૩ |
|---|---|
| **પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રી** | શ્રી કીરીટકુમાર ચિમનભાઇ પટેલ (પાટણ) |
| **પૂરક પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામઃ** | શ્રી મહેશભાઈ કસવાલા (સાવરકુંડલા) |

**પ્રશ્ન–૨ :** **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત વર્ષ–૨૦૨૩માં ડીગ્રી એન્જીનીયરીંગ અભ્યાસક્રમની કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને આ અરજીઓ નામંજુર થવાના કારણો ક્યા કયા છે?**

**જવાબ :** **વર્ષ ૨૦૨૩માં ડીગ્રી એન્જિનિયરીંગ અભ્યાસક્રમની નામંજુર થયેલ અરજીઓની વિગત**

| **અરજીઓ ના મંજૂર થવાના કારણ** | **ફ્રેશના વિદ્યાર્થીઓ ની સંખ્યા** | **રીન્યુઅલના વિદ્યાર્થીઓ ની સંખ્યા** | **કુલ વિદ્યાર્થી ઓ** |
|---|---|---|---|
| સરકારી/ગ્રાન્ટ–ઈન–એઈડ કોલેજમાં પ્રવેશ મેળવેલ હોય | - | ૩૮ | ૩૮ |
| સરકારશ્રીની અન્ય સહાયનો લાભ લીધેલ હોય | ૧ | ૧ | ૨ |
| બે કે વધુ પ્રયાસથી ATKT ક્લીયર કરેલ ન હોય | ૩ | ૧૮ | ૨૧ |
| વાર્ષિક આવક ૬.૬ લાખથી વધુ | ૨ | ૧ | ૩ |
| અધૂરા દસ્તાવેજ હોવાના કારણે | - | ૨૬ | ૨૬ |
| પાત્રતા ધરાવતા ન હોય | ૭ | ૪૬ | ૫૩ |
| પેન્ડીંગ બેકલોગ | - | ૧ | ૧ |
| ટ્યુશન ફી વેવર | - | ૪ | ૪ |
| **કુલ** | **૧૩** | **૧૩૫** | **૧૪૮** |

## અગ્રતા ક્રમ – ૪

| તારાંકિત પ્રશ્ન ક્રમાંક | ૧૮૫૩ |
|---|---|
| **પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રી** | શ્રી કીરીટકુમાર ચિમનભાઇ પટેલ (પાટણ) |
| **પૂરક પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામઃ** | શ્રી કીરીટભાઇ પટેલ (ઉંઝા) |

**પ્રશ્ન–૩ : મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રીન્યુઅલ સહાય મેળવવા માટે પાત્રતાના ધોરણો કયા છે?**

**જવાબ :** મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત પ્રથમ વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ કરે ત્યારબાદ આગળના વર્ષોની રીન્યુઅલ સહાય મેળવવા માટે

**પાત્રતાના ધોરણો:**

- વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યા પછીના ક્રમિક શૈક્ષણિક વર્ષમાં રીન્યુઅલ સહાય મેળવવા માટે અગાઉ જે વર્ષે સહાય મળી હોય તે પરિક્ષામાં ઓછામાં ઓછા ૫૦% માર્ક્સ સાથે ઉત્તીર્ણ થવાનું રહેશે.
- સહાય મેળવનાર વિદ્યાર્થીઓની જે તે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછી ૭૫% હાજરી હોવી જરૂરી રહેશે.

**અગ્રતા ક્રમ – ૪**

| તારાંકિત પ્રશ્ન ક્રમાંક | ૧૮૫૩ |
|---|---|
| **પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રી** | શ્રી કીરીટકુમાર ચિમનભાઈ પટેલ (પાટણ) |
| **પૂરક પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામઃ** | |

**પ્રશ્ન–૪ :** મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના માં કઈ કઈ સહાય આપવામાં આવે છે અને સહાય કેટલા સમયગાળા માટે આપવામાં આવે છે.

**જવાબ :** ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના સમયગાળા માટે વાર્ષિક ધોરણે ટ્યુશન ફી સહાય નીચે મુજબ અભ્યાસક્રમવાર મળે છે.

**મેડીકલ અભ્યાસક્રમ :-**

(અ) સ્નાતક કક્ષાના મેડીકલ અને ડેન્ટલના સ્વ–નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ રૂ.૨,૦૦,૦૦૦ ની મર્યાદામાં મળવાપાત્ર છે.

(બ) મેડીકલ/ડેન્ટલના સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનારને સાધન–પુસ્તક સહાય પેટે એક વખત રૂ.૧૦૦૦૦ મળે છે.

(ક) હોસ્ટેલ સહાય કે જે વતન બહાર રહેતા વિદ્યાર્થીઓને વર્ષના ૧૦ મહિના માટે દર મહિને રૂ.૧,૨૦૦ રહેવા–જમવાની સહાય મળે છે.

(ડ) આ સહાય અભ્યાસક્રમનાં ૪.૫ વર્ષના સમયગાળા માટે વાર્ષિક ધોરણે આપવામાં આવે છે.

**ટેકનિકલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમ (ડીગ્રી) :-**

(અ) સ્નાતક કક્ષાના ઈજનેરી, ફાર્મસી, આયુર્વેદીક, પેરામેડીકલ વિગેરે જેવા સ્વ–નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ રૂ. ૫૦,૦૦૦ ની મર્યાદામાં મળવાપાત્ર છે.

(બ) ઈજનેરી / ટેકનોલોજી/ ફાર્મસી/ આર્કીટિક્ચર સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનારને સાધન–પુસ્તક સહાય પેટે એક વખત રૂ.૫૦૦૦ મળવાપાત્ર છે.

(ક) હોસ્ટેલ સહાય કે જે વતન બહાર રહેતા વિદ્યાર્થીઓને વર્ષના ૧૦ મહિના માટે દર મહિને રૂ.૧,૨૦૦ રહેવા–જમવાની સહાય મળવાપાત્ર છે.

(ડ) આ સહાય અભ્યાસક્રમનાં ૪ વર્ષના સમયગાળા માટે વાર્ષિક ધોરણે આપવામાં આવે છે.

**ટેકનિકલ અભ્યાસક્રમ (ડીપ્લોમા) :-**

(અ) ડીપ્લોમા કક્ષાના સ્વ–નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ રૂ.૨૫,૦૦૦ ની મર્યાદામાં મળવાપાત્ર છે.

(બ) ડીપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારને સાધન–પુસ્તક સહાય પેટે એક વખત રૂ.3000 મળવાપાત્ર છે

(ક) હોસ્ટેલ સહાય કે જે વતન બહાર રહેતા વિદ્યાર્થીઓને વર્ષના ૧૦ મહિના માટે દર મહિને રૂ.૧,૨૦૦ રહેવા–જમવાની સહાયમળવાપાત્ર છે.

(ડ) આ સહાય અભ્યાસક્રમનાં ૩ વર્ષના સમયગાળા માટે વાર્ષિક ધોરણે આપવામાં આવે છે.

**ઉચ્ચ શિક્ષણ :-**

(અ) બી. એ, બીકોમ, બીએસસી, બીબીએ, બીસીએ વિગેરે જેવા ઉચ્ચ શિક્ષણના અન્ય સ્વ–નિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફીની ૫૦% રકમ રૂ.૧૦,૦૦૦ની મર્યાદામાં મળવાપાત્ર છે.

(બ) હોસ્ટેલ સહાય કે જે વતન બહાર રહેતા વિદ્યાર્થીઓને વર્ષના ૧૦ મહિના માટે દર મહિને રૂ.૧,૨૦૦ રહેવા–જમવાની સહાય મળવાપાત્ર છે.

(ક) આ સહાય અભ્યાસક્રમનાં ૩ વર્ષના સમયગાળા માટે વાર્ષિક ધોરણે આપવામાં આવે છે.

**નોંધ :**

(૧) સરકારી કોલેજોમાં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓને આ યોજના અંતર્ગત ટ્યુશન ફી સહાય આપવામાં આવતી નથી.

(૨) સરકારી કોલેજોમાં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓને સરકારી છાત્રાલયમાં પ્રવેશ ન મળે તો જ આયોજન અંતર્ગત હોસ્ટેલ સહાય આપવામાં આવે છે.

**અગ્રતા ક્રમ – ૪**

| | |
|---|---|
| **તારાંકિત પ્રશ્ન ક્રમાંક** | **૧૮૫૩** |
| **પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રી** | શ્રી કીરીટકુમાર ચિમનભાઇ પટેલ (પાટણ) |
| **પૂરક પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામઃ** | |

**પ્રશ્ન–૫(અ) :** મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત અરજી કરવાની પ્રક્રિયા શું છે ?

**જવાબ :** **અરજી કરવાની પ્રક્રિયા :**

આ યોજના અંતર્ગત નોડલ એજન્સી તરીકે નોલેજ કન્સોર્ટીયમ ઑફ ગુજરાત (કેસીજી) નિયુક્ત કરવામાં આવેલ છે. નેશનલ ઇન્ફર્મેટીક્સ સેન્ટર(NIC)ના પરામર્શમાં વેબપોર્ટલ બનાવવામાં આવેલું છે.જેના દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. તેમાં વિદ્યાર્થી દ્વારા https://mysy.guj.nic.in. વેબસાઇટ પર રજીસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ કરી ડોક્યુમેન્ટ અપલોડ કરી અરજી ઓનલાઇન દાખલ કરવામાં આવે છે. ત્યારબાદ વિદ્યાર્થીએ ઓનલાઈન અપલોડ કરેલ દસ્તાવેજોને રાજ્યના કોઈ પણ હેલ્પ સેન્ટર ખાતે વેરિફિકેશન કરાવવાનું રહે છે. રાજ્યમાં વિવિધ જિલ્લાઓમા આ અંગે ૩૨૬ હેલ્પ સેન્ટર ઉપલબ્ધ છે. ઓનલાઈન અરજીઓની ચકાસણી અને સહાય મંજુર કરવાની કાર્યવાહી સંબંધિત ખાતાના વડાઓની કચેરીઓ દ્વારા કરવામાં આવે છે તથા સહાયનું ચુકવણું કે.સી.જી. અમદાવાદ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

**પ્રશ્ન–૫(બ) :** કોવિડ–૧૯ મહામારીના સમયગાળામાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે શું વ્યવસ્થા કરવામાં આવી હતી.

**જવાબ :** **કોવિડ–૧૯ મહામારીના સમયગાળામાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે,**

વિદ્યાર્થીઓએ જે તે યુનીવર્સીટી કે કોલેજો ખાતેના હેલ્પ સેન્ટર ખાતે રૂબરૂ જવું ન પડે તે માટે વેબસાઈટ પર વિદ્યાર્થીના ડોક્યુમેન્ટનું વેરિફિકેશન આપોઆપ થાય તે માટે ઓટો–વેરીફિકેશનની વ્યવસ્થા કરવામાં આવી હતી અને જે તે ખાતાના વડાની કચેરી દ્વારા સ્ક્રુટીની કરી સહાયની ચૂકવણી સમયસર કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**પ્રશ્ન–૫(ક) :** મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત સહાય ચુકવવાની પ્રક્રિયા શું છે?

**જવાબ :** **સહાય ચુકવવાની પ્રક્રિયા**

આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને મળવાપાત્ર સહાયની રકમ DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) હેઠળ આધાર નંબર સાથે સંકળાયેલ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં સીધી જમા આપવામાં આવે છે.

## અગ્રતા ક્રમ – ૪

| તારાંકિત પ્રશ્ન ક્રમાંક | ૧૮૫૩ |
|---|---|
| **પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રી** | શ્રી કીરીટકુમાર ચિમનભાઈ પટેલ (પાટણ) |
| **પૂરક પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામઃ** | |

**પ્રશ્ન–૬ :** મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાં કોનો સમાવેશ કરવામાં આવેલ છે અને વિશિષ્ઠ સંજોગોમાં કોઈ છૂટછાટ આપવામા આવેલ છે ?

**જવાબ :** આ યોજના હેઠળ ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

(અ) તા.૧૫/૭/૨૦૧૭ના ઠરાવથી ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીના પરિવારના મુખ્ય કમાનાર વ્યક્તિનું અવસાન થાય તેવા વિદ્યાર્થીઓ માટે આ યોજનાની શૈક્ષણિક, આર્થિક તથા અન્ય તમામ જોગવાઈ સંતોષાતી હોય તો વિદ્યાર્થીને તેના અભ્યાસક્રમના બાકીના સમયગાળા માટે યોજનાનો લાભ મળવાપાત્ર છે.

(બ) તા.૨૬/૧૨/૨૦૧૬ના ઠરાવથી ગુજરાત રાજ્યના વતની હોય અને યુદ્ધ, આતંકવાદ, નકસલવાદ જેવા કારણોસર ભારતીય સેનાના, કેન્દ્રીય કે રાજયના અર્ધલશ્કરી દળોના ફરજો દરમ્યાન શહીદ થયેલ જવાનોના સંતાનોને પર્સેન્ટાઈલ/પર્સેન્ટેજ કે આવક મર્યાદા ને ધ્યાને લીધા સિવાય આ યોજના અંતર્ગત ડીપ્લોમા/સ્નાતક અભ્યાસક્રમ માટે સહાય આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

(ક) તા.૧૫/૯/૨૦૨૦ના ઠરાવથી આ યોજના હેઠળ ગુજરાત રાજ્યમાં કોવિડ–૧૯ ની કામગીરીમાં ફરજ બજાવતી વખતે કોવિડ–૧૯ થી અવસાન પામેલ કર્મચારીઓના (કોર્પોરેશનના કર્મચારીઓ સહિત)સંતાનોને પર્સેન્ટાઇલ/પર્સેન્ટેજ આવક

મર્યાદાને ધ્યાને લીધા સિવાય ડિગ્રી/ડિપ્લોમા/સ્નાતક અભ્યાસક્રમ માટે સહાય મળવાપાત્ર થશે. તથા આ માટે સરકારી કર્મચારી જે વિભાગ હેઠળ ની કચેરીમાં ફરજ બજાવતા હોય તે વિભાગના નાયબ સચિવથી ઉતરતી કક્ષાના ન હોય તેવા અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(ડ) તા.૩/૮/૨૦૧૮ના ઠરાવથી વિદ્યાર્થીના વાલીની આવક સામાન્ય રીતે રૂ.૬.૦૦ લાખ થી ઓછી હોય પરંતુ જે તે વર્ષે MYSY માં અરજી કરેલ હોય તે વર્ષમાં મિલકતનાં વેચાણ અથવા વિમાના કલેઈમ મળવાના કારણે અને તા.૩૦/૫/૨૦૧૯ના ઠરાવથી ઉચ્ચતર પગાર-ધોરણના તફાવતનું એરીયર્સ, પી.પી.એફ.નું વ્યાજ, નિવૃત્તિ સમયના લાભો જેવા કે રજાઓનું રોકડમાં રૂપાંતર, ગ્રેજ્યુઈટી, પ્રોવિડંડ ફંડ વગેરેને કારણે આવક વધે તેવા કિસ્સામાં કોઈ એક વર્ષ પૂરતો આવકમાં હંગામી વધારો થવાને કારણે આવક રૂ.૬.૦૦ લાખની મર્યાદાથી વધી જાય તેવા કિસ્સામાં રૂ.૧૧.૦૦ લાખ સુધી એટલે કે, આવક મર્યાદા કરતા રૂ.૫.૦૦ લાખ વધુ હોય તેવા વિદ્યાર્થીઓને ફક્ત એક વર્ષ માટે આ યોજનાની સહાય મળવાપાત્ર રહેશે.

(ઈ) તા.૨૩/૦૪/૨૦૧૮ના ઠરાવ મુજબ મેડીકલ શાખાના MBBS અભ્યાસક્રમમાં નીટના (NEET) આધારે પ્રવેશ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓના નીટ (NEET) માં ૮૦ કરતા વધુ પર્સેન્ટાઇલ હોય પરંતુ ધો-૧૨માં ૮૦ કરતા ઓછા પર્સેન્ટાઇલ હોય તો તેવા કિસ્સામાં જે વિદ્યાર્થીઓએ NEET નાં આધારે MBBS માં પ્રવેશ મેળવેલ હોય અને વાર્ષિક આવક મર્યાદા ધરાવતા હોય તેવા વાલીઓના સંતાનોના ધો-૧૨ નાં પર્સેન્ટાઇલ ધ્યાને લીધા વિના એમ. વાય.એસ.વાય. યોજના અંતર્ગત સહાય આપવામાં આવે છે.

## અગ્રતા ક્રમ – ૪

| | |
|---|---|
| **તારાંકિત પ્રશ્ન ક્રમાંક** | **૧૮૫૩** |
| **પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રી** | શ્રી કીરીટકુમાર ચિમનભાઇ પટેલ (પાટણ) |
| **પૂરક પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામઃ** | |

**પ્રશ્ન–૭(અ) :** મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ અંતર્ગત શું જોગવાઈ કરવામાં આવેલ છે?

**જવાબ :** આ યોજના અંતર્ગત મેડીકલ શિક્ષણ ક્ષેત્રે M.B.B.S માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ મળેલ ૫૦% ફી સહાય ઉપરાંત બાકી રહેલ ફી સહાય પેટે કુલ રૂ. ૬.૦૦ લાખની મર્યાદામાં મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ અંતર્ગત આપવાની જોગવાઈ કરેલ છે.

**પ્રશ્ન–૭(બ) :** જે અન્વયે આજ–દિન સુધી કુલ કેટલી વિદ્યાર્થીનીઓને કુલ કેટલી સહાયની રકમ ચુકવવામાં આવી?

**જવાબ :** જે અન્વયે આજ–દિન સુધી કુલ ૧૮,૫૯૯ વિદ્યાર્થીનીઓને કુલ રૂ.૫૫૩.૨૩ કરોડની સહાય મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ અંતર્ગત ચુકવવામાં આવેલ છે.

**નોંધ:** આ યોજના અંતર્ગત મેડીકલ અને ડેન્ટલ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના સમગ્ર સમયગાળા દરમિયાન રૂા.૯,૬૪,૦૦૦ સહાય, મેડીકલ અભ્યાસક્રમની વિદ્યાર્થીનીઓને રૂા.૯,૬૪,૦૦૦ સુધીની સહાય ઉપરાંત મુખ્યમંત્રી કન્યા કેળવણી નીધિમાંથી વધારાના રૂા.૧૮,૦૦,૦૦૦ એમ કુલ રૂા.૨૭,૬૪,૦૦૦ સહાય મળવાપાત્ર થાય છે. જેના કારણે મેડીકલ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીનીઓની સંખ્યાના પ્રમાણમાં ૧૮ ટકાનો વધારો થયો છે. પેરામેડીકલ, ટેકનીકલ અને પ્રોફેશનલ અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના સમગ્ર સમયગાળા દરમિયાન રૂા.૨,૫૩,૦૦૦ સુધીની સહાય મળવાપાત્ર થાય છે.

**અગ્રતા ક્રમ – ૪**

| તારાંકિત પ્રશ્ન ક્રમાંક | ૧૮૫૩ |
|---|---|
| **પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રી** | શ્રી કીરીટકુમાર ચિમનભાઇ પટેલ (પાટણ) |
| **પૂરક પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામઃ** | |

**પ્રશ્ન–૮(અ) :** યોજનાની શરૂઆત થયા બાદ પાત્રતાનાં ધારા–ધોરણોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો છે કે કેમ?

**જવાબ :** તા.૭/૧૦/૨૦૧૫થી યોજનાની શરૂઆત થયા બાદ તા.૪/૬/૨૦૧૬ના ઠરાવથી ધો–૧૨ની વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૯૦ કે તેથી વધુ પરસેન્ટાઇલને બદલે સુધારો કરીને ૮૦ કે તેથી વધુ પરસેન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓને લાભ આપવાનું નક્કી કરવામાં આવેલ છે અને આવકની વાર્ષિક મર્યાદા રૂ. ૪.૫૦ લાખ હતી તેને સુધારીને રૂ.૬.૦૦ લાખ કરવામાં આવેલ છે.

**પ્રશ્ન–૮(બ) :** જો હા, તો તેને કારણે લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યામાં કેટલો વધારો થયેલ છે?

**જવાબ :** આ સુધારો થવાને કારણે તે વર્ષે લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યામાં ૭૦૧૯નો વધારો થયેલ હતો અને સહાયની રકમ રૂ.૩૬.૪૦ કરોડ વધુ ચુકવવામાં આવેલ હતી.

## અગ્રતા ક્રમ – ૪

| તારાંકિત પ્રશ્ન ક્રમાંક | ૧૮૫૩ |
|---|---|
| **પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રી** | શ્રી કીરીટકુમાર ચિમનભાઇ પટેલ (પાટણ) |
| **પૂરક પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામઃ** | |

**પ્રશ્ન–૯ :** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩–૨૪માં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત મેડીકલનાં કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે તેમાં પુરુષ વિદ્યાર્થીઓને અને સ્ત્રી વિદ્યાર્થીનીઓને કેટલી સહાયની રકમ ચુકવવામાં આવે છે?

**જવાબ :** મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત મેડીકલનાં વિદ્યાર્થીઓ તથા તેમના ચુકવણાની વિગત નીચે મુજબ છે.

| **મેડીકલ** | | |
|---|---|---|
| **ફ્રેશ** | વિદ્યાર્થીઓની સંખ્યા | ૫૧૦ |
| | ચુકવણું | ૮.૫૪ કરોડ |
| | વિદ્યાર્થીનીઓની સંખ્યા | ૭૫૫ |
| | ચુકવણું | ૯.૦૨ કરોડ |
| **રીન્યુઅલ** | વિદ્યાર્થીઓની સંખ્યા | ૩૩૩૩ |
| | ચુકવણું | ૬૧.૩૨ કરોડ |
| | વિદ્યાર્થીનીઓની સંખ્યા | ૩૫૦૩ |
| | ચુકવણું | ૫૯.૬૦ કરોડ |
| **કુલ** | **કુલ વિદ્યાર્થીઓ** | **૮૧૦૩** |
| | **કુલ ચુકવણું** | **૧૩૮.૪૮** કરોડ |

**અગ્રતા ક્રમ – ૪**

| તારાંકિત પ્રશ્ન ક્રમાંક | ૧૮૫૩ |
|---|---|
| **પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રી** | શ્રી કીરીટકુમાર ચિમનભાઇ પટેલ (પાટણ) |
| **પૂરક પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામઃ** | |

**પ્રશ્ન–૧૦ :** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩–૨૪માં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત આજદિન સુધી ઉચ્ચ શિક્ષણનાં કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે તેમાં પુરુષ વિદ્યાર્થીઓને અને સ્ત્રી વિદ્યાર્થીનીઓને કેટલી સહાયની રકમ ચુકવવામાં આવે છે?

**જવાબ :** મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણનાં વિદ્યાર્થીઓ તથા તેમના ચુકવણાની વિગત નીચે મુજબ છે.

| **ઉચ્ચ શિક્ષણ** | | |
|---|---|---|
| **ફ્રેશ** | વિદ્યાર્થીઓની સંખ્યા | ૪૧૧૧ |
| | ચુકવણું | ૪.૩૪ કરોડ |
| | વિદ્યાર્થીનીઓની સંખ્યા | ૪૩૯૮ |
| | ચુકવણું | ૪.૫૧ કરોડ |
| **રીન્યુઅલ** | વિદ્યાર્થીઓની સંખ્યા | ૨૫૪૨ |
| | ચુકવણું | ૨.૮૮ કરોડ |
| | વિદ્યાર્થીનીઓની સંખ્યા | ૨૫૪૨ |
| | ચુકવણું | ૨.૬૮ કરોડ |
| **કુલ** | **કુલ વિદ્યાર્થીઓ** | **૧૩૫૯૩** |
| | **કુલ ચુકવણું** | **૧૪.૪૧** કરોડ |

# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

## ડીગ્રી એન્જિનીયરીંગ અભ્યાસક્રમની અરજીઓ ના મંજૂર થવાના કારણો (વર્ષ ૨૦૨૨)

| અરજીઓ ના મંજૂર થવાના કારણ | ફ્રેશના વિદ્યાર્થીઓની સંખ્યા | રીન્યુઅલના વિદ્યાર્થીઓની સંખ્યા | કુલ વિદ્યાર્થી ઓ |
|---|---|---|---|
| સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજમાં પ્રવેશ મેળવેલ હોય | - | ૧૦૦ | ૧૦૦ |
| બે કે વધુ પ્રયાસથી ATKT ક્લીયર કરેલ ન હોય | - | ૯૪ | ૯૪ |
| વાર્ષિક આવક રૂ.૬ લાખથી વધુ | ૧૧ | ૫૪ | ૬૫ |
| અધૂરા દસ્તાવેજ હોવાના કારણે | ૬૭ | ૩૬૮ | ૪૩૫ |
| પાત્રતા ધરાવતા ન હોય | ૨૯ | ૭૬ | ૧૦૫ |
| પેન્ડીંગ બેકલોગ | - | ૪ | ૪ |
| સરકારશ્રીની અન્ય સહાયનો લાભ લીધેલ હોય | ૨ | ૨ | ૪ |
| ટ્યુશન ફી વેવર | - | ૩ | ૩ |
| ફેક દસ્તાવેજ અપલોડ કરેલ હોય | - | ૩ | ૩ |
| કુલ | ૧૦૯ | ૭૦૪ | ૮૧૩ |

## ડીગ્રી એન્જિનીયરીંગ અભ્યાસક્રમની અરજીઓ ના મંજૂર થવાના કારણો (વર્ષ ૨૦૨૩)

| અરજીઓ ના મંજૂર થવાના કારણ | ફ્રેશના વિદ્યાર્થીઓની સંખ્યા | રીન્યુઅલના વિદ્યાર્થીઓની સંખ્યા | કુલ વિદ્યાર્થી ઓ |
|---|---|---|---|
| સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજમાં પ્રવેશ મેળવેલ હોય | - | ૩૮ | ૩૮ |
| સરકારશ્રીની અન્ય સહાયનો લાભ લીધેલ હોય | ૧ | ૧ | ૨ |
| બે કે વધુ પ્રયાસથી ATKT ક્લીયર કરેલ ન હોય | ૩ | ૧૮ | ૨૧ |
| વાર્ષિક આવક રૂ.૬ લાખથી વધુ | ૨ | ૧ | ૩ |
| અધૂરા દસ્તાવેજ હોવાના કારણે | - | ૨૬ | ૨૬ |
| પાત્રતા ધરાવતા ન હોય | ૭ | ૪૬ | ૫૩ |
| પેન્ડીંગ બેકલોગ | - | ૧ | ૧ |
| ટ્યુશન ફી વેવર | - | ૪ | ૪ |
| **કુલ** | **૧૩** | **૧૩૫** | **૧૪૮** |

## Year 2022-23 MYSY (Patan District)

| Renewal id | Student Id | Seat No/ Enrollment No | Student Name | Gender | Category | institute Name | Yr Tut Fees | Total Income | Remarks |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 6D321186230309013 | JOSHI JAY UMESH | Technical (Degree) | Male | General | GOVERNMENT ENGINEERING COLLEGE, PATAN | 1500 | 236808 | eligible for 0rs sahay because not claim hostel |
| 2 | 6D320176140306044 | KIRI PRIYANSHI DIPAKKUMAR | Technical (Degree) | Female | General | GOVERNMENT ENGINEERING COLLEGE, PATAN | 0 | 145000 | YOU ARE FAILED TO UPLOAD PENDING DOCUMENTS WITHIN TIME LIMIT |
| 1 | 6D321186310309039 | PATEL AJAYKUMAR DINESHBHAI | Technical (Degree) | Male | General | GOVERNMENT ENGINEERING COLLEGE, PATAN | 1500 | 80000 | Eligible for 0 rs. sahay |
| 1 | 6D321186310309050 | Patel Harshilkumar Satishbhai | Technical (Degree) | Male | General | GOVERNMENT ENGINEERING COLLEGE, PATAN | 1500 | 60000 | YOU ARE FAILED TO UPLOAD PENDING DOCUMENTS WITHIN TIME LIMIT |

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના મૂળ નિયમો અને ત્યારબાદ થયેલા ફેરફારોનું પત્રક

| ક્રમ | ઠરાવ | ઠરાવની વિગત |
|---|---|---|
| ૧ | તા.૦૭/૧૦/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ | ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી ડીપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય અથવા ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૯૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય અને રૂ.૪,૫૦,૦૦૦ સુધીની વાર્ષિક આવક ધરાવતા વાલીના સંતાનોને આ યોજનાનો લાભ મળશે. |
| ૨ | તા.૦૫/૦૪/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ | ગુજરાત રાજ્યમાં આવેલ યુનિવર્સીટીમાંથી ડીપ્લોમાં અભ્યાસક્રમની પરીક્ષામાં ૬૫ ટકા કે તેથી વધુ ટકા સાથે પાસ કરનાર અથવા ડી ટુ ડીના પ્રવેશ નિયમો મુજબ ૬૫ ટકા કે તેથી વધુ મેરીટ માર્ક્સ મેળવી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% રકમ અથવા રૂપિયા ૫૦,૦૦૦/- તે બે પૈકી જે ઓછુ હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થશે. |
| ૩ | તા.૦૪/૦૬/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ | ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૯૦ કે તેથી વધું પર્સેન્ટાઈલ મેળવી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળંવતા વિદ્યાર્થીઓ અંગે હવે ૯૦ પર્સેન્ટાઈલ ને બદલે ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવનાર વિદ્યાર્થીઓને લાભ મેળવવાપાત્ર રહેશે.<br>શિક્ષણ વિભાગના તા.૦૭/૧૦/૨૦૧૫ના ઠરાવ મુજબ વાલીની આવકની વાર્ષિક મર્યાદા રૂ.૪,૫૦,૦૦૦/- હતી જે વધારીને રૂ.૬,૦૦,૦૦૦/- કરવામાં આવી છે. |
| ૪ | તા.૨૬/૧૨/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ | ગુજરાત રાજ્યના વતની હોય અને યુધ્ધ, આતંકવાદ, નકસલવાદ જેવા કારણોસર ભારતીય સેનાના, કેન્દ્રીય કે રાજયના અર્ધલશ્કરી દળોના ફરજો દરમ્યાન શહીદ થયેલ જવાનોના સંતાનોને પર્સેન્ટાઈલ/પરસન્ટેજ કે આવક મર્યાદા ને ધ્યાને લીધા સિવાય આ યોજના અંતર્ગત ડીપ્લોમા /સ્નાતક અભ્યાસક્રમ માટે સહાય મળવાપાત્ર છે. |

| | | |
|---|---|---|
| ૧૦ | તા.૧૫/૦૯/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૦૬-સ | ગુજરાત રાજ્યમાં COVID-૧૯ની કામગીરીમાં ફરજ બજાવતી વખતે COVIDથી અવસાન પામેલા સરકારી કર્મચારીઓના (કોર્પોરેશનના કર્મચારી સહિતના) સંતાનોને પર્સેન્ટાઇલ/ પરસન્ટેજ કે આવક મર્યાદાને ધ્યાને લીધા સિવાય આ યોજના અંતર્ગત ડીપ્લોમા/સ્નાતક અભ્યાસક્રમ માટે સહાય મળવાપાત્ર થશે. |
| ૧૧ | તા.૨૮/૧૦/૨૦૨૨ નો ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૨૨/૪૬૨/ખ | • ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અથવા અન્ય માન્ય બોર્ડના વિદ્યાર્થીઓની માર્કશીટમાં પર્સેન્ટાઈલ ન દર્શાવેલ હોય તો તેવા વિદ્યાર્થીઓ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની કે જે તે અન્ય માન્ય બોર્ડમાંથી જે તે વર્ષની મુખ્ય પરીક્ષામાં ધોરણ- ૧૦ કે ૧૨માં ૮૦ પર્સેન્ટાઈલ ધરાવતા વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલ ગુણ સાથે આવા વિદ્યાર્થીના ગુણ સરખાવતાં જો તેના ગુણ સમાન કે તેથી વધુ થતા હોય તો તેવા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના નિયત સમયગાળા સુધી આ યોજનાનો લાભ આપવાનો રહેશે.<br>• મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના તા.૦૭/૧૦/૨૦૧૫ અને તા.૦૪/૦૬/૨૦૧૬ના ઠરાવ મુજબ મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ આવકનું પ્રમાણપત્ર તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ અજાક/ ૧૦૨૦૨૦/૬૫૧૨૩૦/ગ મુજબ રૂ.૫.૦૦ લાખ (અંકે રૂપિયા પાંચ લાખ) સુધીની મર્યાદા માટે જે તે ગામ/સેજા/જૂથ ગ્રામ પંચાયત ખાતે રહેતા વ્યક્તિ માટે સંબંધિત ગામ/સેજા/જૂથ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીશ્રી દ્વારા આપવામાં આવેલ આવકના પ્રમાણપત્રના આધારે જ આવક ધ્યાને લેવાની રહેશે. આ યોજનાનો લાભ લેવાની અરજી સાથે આવકના આધાર માટે ઈન્કમટેક્ષ રીટર્ન લેવાનો આગ્રહ રાખવાનો રહેશે નહિ.<br>• ૬ વર્ષ સુધીના ડ્યુઅલ ડિગ્રી (ડિપ્લોમા+ડિગ્રી) ઈન્ટીગ્રેટેડ પ્રોફેશનલ કોર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને,<br>પ્રથમ ૩ વર્ષ માટેઃ<br>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અથવા અન્ય માન્ય બોર્ડની ગુજરાતમાંથી ધોરણ- ૧૦ની |